# પૂ. લાલચંદભાઈના પ્રવચનો
# સ્થળઃ- દિગંબર જિન મંદિર-રાજકોટ.
# પ્રવચન નં.૧૦. તા.૩૧-૮-૮૭
# ઉત્તમ સત્ય ધર્મ. સમયસાર ગાથા-૧૧

(ઉત્કૃષ્ટ જ્ઞાનને ધારણ કરનારા મુનિવરોએ, પ્રથમ તો મૌન જ રહેવું જોઈએ. એટલે કે પરમ સત્ય આત્મસ્વભાવની એકાગ્રતામાં રહીને બોલવાનો વિકલ્પ જ ન થવા દેવો જોઈએ.) અને જો વિકલ્પ ઊઠે તો એવા વચન બોલવા જોઈએ કે જે સદાય સ્વ-પરને હિતકારી હોય, અમૃત સમાન મિષ્ટ એટલે મધુર હોય અને સત્ય હોય. બીજાનું મન દુભાય તેવી વાણી જ્ઞાનીની હોતી નથી. સમ્યગ્જ્ઞાન તે (જ)ઉત્કૃષ્ટ જ્ઞાન છે. એવા સમ્યગ્જ્ઞાનના ધારક મુનિઓને જ ઉત્તમ સત્ય(ધર્મ) હોય છે. એટલે મુનિઓને સત્ય વચન બોલવું અને મિથ્યાદષ્ટિને જૂઠું વચન બોલવાની છૂટ છે એમ છે નહીં.

ઉત્તમ સત્ય તે સમ્યક્ચારિત્રનો એક પ્રકાર છે. અજ્ઞાની જીવ કેટલીક એવી દલીલ કરે છે કે સંસારમાં ખોટું બોલ્યા વગર ચાલતું નથી માટે જૂઠું બોલવું જોઈએ. આહા! એ શુદ્ધાત્માનો અપરાધ કરે છે. જૂઠું બોલવાથી-ખોટું બોલવાથી સારી સ્થિતિ થાય છે, એ માન્યતા તદ્દ્ન વિપરીત છે. જે કાળે, જે સમયે જે પર્યાય થવાની તે થાય, થાય ને થાય જ છે. જૂઠું બોલવાથી કાંઈ ફેરફાર થાય છે પદાર્થના પરિણમનમાં એમ છે નહીં.

ઉત્તમ સત્ય તે સમ્યક્ચારિત્રનો એક પ્રકાર છે. જેને સમ્યગ્જ્ઞાન ન હોય અને આત્મા પરનું કરે, પુણ્યથી ધર્મ થાય, ઈશ્વર જગતના કર્તા છે-(એમ માનતો હોય તે જીવ લૌકિકમાં સત્ય બોલતો હોય તોપણ તેને ઉત્તમ સત્ય ધર્મ હોતો નથી. અહીં તો સમ્યગ્દર્શન પછી મુનિદશાની મુખ્યપણે વાત છે. ઉત્તમ સમ્યગ્જ્ઞાનને ધરનારા મુનિવરોએ પ્રથમ તો મૌન જ રહેવું શ્રેષ્ઠ છે, એટલે કે ચૈતન્યસ્વરૂપમાં વીતરાગી સ્થિરતા પ્રગટ કરીને વાણી તરફનો વિકલ્પ જ થવા દેવો નહીં. આવો વીતરાગીભાવ તે જ પરમાર્થે) ઉત્તમ સત્ય ધર્મ છે. અને અસ્થિરતાને લીધે જયારે વિકલ્પ ઊઠે ત્યારે પોતાને અને પરને હિતકારી સુખકારી એવા સત્ય તથા પ્રિય વચનો બોલવાનો શુભરાગ તે વ્યવહારે ઉત્તમ સત્ય ધર્મ છે. તેમાં જે રાગ છે તે ધર્મ નથી પણ તે વખતે જેટલો વીતરાગભાવ છે તેટલો ધર્મ છે.

વાણી બોલાય કે ન બોલાય તે તો જડ પરમાણુઓની સ્વતંત્ર અવસ્થા છે, આત્મા તેનો કર્તા નથી. કેનો આત્મા? મુનિરાજનો. એમ હશે? વાણી બોલાય ત્યારે મુનિ થાય ત્યારે એનો તે કર્તા ન થાય તે

પહેલાં અજ્ઞાન અવસ્થામાં એ વાણીનો કર્તા હશે? અજ્ઞાન અવસ્થામાં પણ વાણીનો કર્તા આત્મા નથી. છતાં પોતે માને છે કે 'હું વચન બોલું છું' એ તો એનું મિથ્યાજ્ઞાન છે. આત્મા તેનો કર્તા નથી. આહા! આત્મા વાણીનો કર્તા નથી. જેને આત્મા કહેવામાં આવે એ તો વાણીનો કર્તા નથી. તો પછી હું આત્મા છું એમ જેને શ્રદ્ધા-જ્ઞાનમાં આવે એને વાણીનું કર્તૃત્વ દેખાતું નથી.

વાણીનો કર્તા આત્મા છે એમ જે માને, કરતો તો નથી પણ કરું છું એમ માને તે અજ્ઞાની છે. એ આત્માનો વિરાધક છે. તેને સત્ય ધર્મ હોય નહીં.

પ્રશ્ન :- જો વાણીનો કર્તા આત્મા નથી. તો 'મુનિઓએ સત્ય વચનો બોલવા' એમ (અહીં) આચાર્યદેવે શા માટે કહ્યું? જો બોલી શકતો જ ન હોત તો સત્ય વચન બોલવા એમ શા માટે વચન આવ્યું આવું?

ઉત્તર :- સમ્યગ્જ્ઞાનપૂર્વક સત્ય બોલવાનો ભાવ હોય ત્યારે, જો વાણી નીકળે તો તે વાણી સત્ય જ હોય-એવો મેળ બતાવવા માટે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો મેળ બતાવવા માટે, નિમિત્તથી કહેવાય કે 'મુનિઓએ સત્ય બોલવું' તેમાં એવો આશય છે કે, મુનિવરે એ આત્મસ્વરૂપમાં સ્થિર રહીને વાણી તરફનો વિકલ્પ જ ન થવા દેવો, અને જો વિકલ્પ થાય તો અસત્ય વચન તરફનો અશુભરાગ તો ન (જ) થવા દેવો, પરંતુ 'આત્મા જડ વાણીનો કર્તા છે' એમ કહેવાનો આશય નથી.

વાણી બોલાય કે ન બોલાય તેનો કર્તા જીવ નથી. વાણીનો કર્તા જીવ નથી તો કોણ છે? કે વાણી એ પુદ્‌ગલની અવસ્થા છે. માટે પુદ્‌ગલ તેનો કર્તા છે. ભાષા વર્ગણા જે છે તેનો કર્તા પુદ્‌ગલ છે, જીવ નથી. અજ્ઞાની હોય કે જ્ઞાની હોય. કેમકે એક પરિણામના બે કર્તા ન હોય. વાણી વચનના વ્યવહારને પુદ્‌ગલ પણ કરે અને ભગવાનઆત્મા પણ એ વાણીને કરે એમ ત્રણકાળમાં બનતું નથી. છતાં જે માને તે આત્માનો વિરાધક અપરાધી છે.

વાણી બોલાય કે ન બોલાય તેનો કર્તા જીવ નથી.જ્ઞાની પોતાને વાણીનો કર્તા માનતા નથી. તેનો જાણનાર છું એમ જાણે છે. એનો જાણનાર એમ પણ વ્યવહાર છે. એટલે કર્તા નથી પણ તેનો જ્ઞાતા છે. એમ કર્તાબુદ્ધિ છોડાવવા માટે એ જ્ઞાનનું જ્ઞેય છે એમ કહેવામાં આવે છે. ખરેખર તો જ્ઞાન જ જણાય છે. વાણી પણ જણાતી નથી. (જ્ઞાની) પોતાને વાણીનો કર્તા માનતા નથી અને સત્ય બોલવાનો વિકલ્પ થાય તેના પણ સ્વામી જ્ઞાની થતા નથી. સત્ય બોલવાનો શુભરાગ એ શુભરાગનો સ્વામી આત્મા નથી. એ શુભરાગનો સ્વામી પ્રથમથી જ પુદ્‌ગલ છે. પુદ્‌ગલ જેનો સ્વામી છે એવું વાક્ય છે આગમનું.

તેઓ વાણી અને વિકલ્પ રહિત ચિદાનંદસ્વભાવને જ પોતાનું સ્વરૂપ માનીને આદરે છે તેથી શ્રદ્ધા અને જ્ઞાન અપેક્ષાએ તો ચોથા ગુણસ્થાને ધર્માત્માને પણ ઉત્તમ સત્ય વગેરે ધર્મ હોય છે. વસ્તુ સ્વરૂપ જેવું છે તેવું સત્ય જાણવું-વસ્તુ સ્વરૂપ જેવું છે તેવું સત્ય જાણવું તે ધર્મ છે. જેવું છે તેવું સત્ય વસ્તુ

(સ્વરૂપ) જાણ્યા વગર સત્ય ધર્મ હોય શકે નહીં. સમ્યગ્જ્ઞાનથી વાણી-વિકલ્પો રહિત આત્મસ્વરૂપને જાણ્યા પછી તે સ્વરૂપમાં સ્થિરતા કરવી તેમાં ઉત્તમ ક્ષમાદિ દશે ધર્મો આવી જાય છે. સત્ય બોલવાનો ઉપદેશાદિના વિકલ્પ ઊઠે તે વ્યવહાર ઉત્તમ સત્ય છે.

સત્ય બોલવાના વિકલ્પને કે વાણીને જ્ઞાની પોતાનું સ્વરૂપ માનતા નથી. વિકલ્પ પણ મારો નહીં અને વાણી પણ મારી નથી. હું વીતરાગભાવનો કર્તા છું. ઈચ્છા કે ભાષાનો હું કર્તા નથી. વીતરાગભાવ મારું કાર્ય છે અને હું તેનો કર્તા છું. પણ ઈચ્છા, કષાય કે ભાષા-પુદ્ગલની અવસ્થા તેનો હું કર્તા નથી, ને તેઓ મારું કર્મ નથી. હું કર્તા ને વીતરાગભાવ મારું કર્મ છે. પણ ભાષા કે વિકલ્પ એ કર્તાનું કાર્ય નથી. એ તો જ્ઞાતાનું જ્ઞેયમાં જાય છે. હવે તેવી ચારિત્રદશા પ્રગટ થવાની છે, જેને મોક્ષ થવાનો છે તેને નિઃશંક ચારિત્રદશા આવે છે. ભલે કાળ થોડો કે જાજો તે ગૌણ છે પણ જેનો મોક્ષ નિશ્ચિત છે. કેવળી ભગવાને તેના જ્ઞાનમાં જોયું છે, આ તેના કેવળજ્ઞાનમાં નોંધ છે, કે આ જીવ આટલા કાળ વીત્યે આનો મોક્ષ થશે. એવો જેનો મોક્ષ થવાનો છે તેને ચારિત્રદશા આવવાની, આવવાની ને આવવાની. અને જેને ચારિત્રદશા આવવાની છે તેને સમ્યગ્દર્શન થવાનું, થવાનું ને થવાનું જ હોય. ન થવાની વાત અહીંયા નથી. એ બીજે ભલે હોય. માટે પ્રથમ આત્મદર્શન તે આત્માનું કર્તવ્ય છે, પ્રગટ કરવા માટે. તેની ગાથા ૧૧મી ચાલે છે.

ભૂતાર્થને આશ્રયે, શુધ્ધાત્માના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શનનો શબ્દ છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સાથે અંશે હોય છે પણ તેની મુખ્યતા ન કરતાં સમ્યગ્દર્શનનો વિષય જ્યારે શ્રધ્ધાની પર્યાયને તેનો વિષય મળે છે ત્યારે સમ્યગ્દર્શન થાય. એના વિષયમાં ભૂલ હોય તો સમ્યગ્દર્શન ત્રણકાળમાં પ્રગટ ન થાય. એ સમ્યગ્દર્શન પર્યાય છે. એનો વિષય શુધ્ધાત્મા એક જ છે. કથંચિત શુધ્ધાત્મા સમ્યગ્દર્શનનો વિષય અને કથંચિત નવ તત્ત્વ અને કથંચિત દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રધ્ધાન એમ નથી. સર્વથા શુધ્ધાત્મા જ, સમ્યગ્દર્શનનો વિષય છે.

એ સમ્યગ્દર્શન પ્રગટ થઈ ગયા પછી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા તેને હોય. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર હો! અને નવ તત્ત્વનું શ્રધ્ધાન હોય, તેને નિશ્ચય પ્રગટ થયા પછી વ્યવહાર હોય છે. એવી સ્થિતિ પ્રગટ કરવાના આ દિવસો છે. આત્મઅનુભવ કરવાના દિવસો છે. પર્વ છે ને! મંગલમય દિવસો. મંગલ એટલે જેમાં આત્માનું હિત થાય એવા સ્વઆશ્રિત પરિણામને પરમાત્મા માંગલિક કહે છે. પછી ઉપચારથી જે કાળે સમ્યગ્દર્શન થયું હોય તે વારે (દિવસે) તે પરકાળ કહેવામાં આવે છે. તે ૧૧મી ગાથા ચાલે છે. સમ્યગ્દર્શન ન થવાનું કારણ જીવને વ્યવહારનો પક્ષ છે. વ્યવહારનો પક્ષ છૂટયા વિના નિશ્ચયનો પક્ષ આવી શકતો નથી. અને નિશ્ચયનો પક્ષ જેને આવે તેને પક્ષાતિક્રાંત થાય, થાય ને થાય જ. એવો પક્ષ લેવો.

એ વ્યવહારના ચાર પ્રકાર કહ્યા. રાગને આત્મામાં સ્થાપે છે એ વ્યવહારનો પક્ષ છે. રાગને જાણનારું જે જ્ઞાન એ જ્ઞાનને આત્મા માને છે તે વ્યવહારનો પક્ષ છે. અને આત્માને જાણનારું એવું જ્ઞાનની પર્યાયનો ભેદ જે આત્મામાં સ્થાપે છે તે વ્યવહારનો પક્ષ છે. શ્રધ્ધાનો વિષય તો પરમપારિણામિક સ્વભાવભાવ જે કર્મના ઉદયાદિ ભાવોથી નિરપેક્ષ છે. અને પરિણામથી પણ જે રહિત છે. પરિણામમાત્રથી રહિત છે, તે દૃષ્ટિનો વિષય છે. દૃષ્ટિના વિષયમાં પરિણામને ભેળવે છે એ જીવને સમ્યગ્દર્શન થતું નથી. કેમ? કે તે સમ્યગ્દર્શનનો વિષય નથી. જે સમ્યગ્દર્શનનો વિષય નથી તેને સમ્યગ્દર્શનનો વિષય માને તો તેને સમ્યગ્દર્શન થઇ શકે નહીં. પર્યાયથી રહિત જ સમ્યગ્દર્શનનો વિષય છે. અને શુધ્ધનયનો વિષય પણ પર્યાયમાત્રથી ભિન્ન શુધ્ધાત્મા જ છે.

પણ તેમાં એક અપૂર્વ દશા એવી છે કે તેમાં જીવની ભૂલ થવાનો સંભવ પણ છે. કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. એક વખત અમે મોટરમાં સોનગઢ જતાં હતાં, ગુરુદેવની હાજરીમાં અવાર-નવાર ખુબ મોજ કરી. એક મોટર, બે મોટર, ત્રણ મોટર રવિવારે (લઇને જઇએ.) રતિભાઇ, ચંદુભાઇ, હું બધા હોય સાથે. એક વખત એક મુમુક્ષુએ મોટરમાં પૂછયું કે સમ્યગ્દર્શનનો વિષય તો શુધ્ધાત્મા પણ જ્ઞાનનો વિષય? તો કહ્યું શુધ્ધાત્મા એક જ. બીજો કોઇ છે નહીં. એમ ચર્ચા તો રસ્તામાં ઘણી પ્રકારની થાય.

હવે જયારે સમ્યગ્દર્શનનો વિષય એકલો શુધ્ધાત્મા છે, ઉત્પાદ-વ્યયથી રહિત અને સમ્યગ્જ્ઞાનની વાત નથી કરતો પણ શુધ્ધનયની વાત કરું છું પહેલાં. શુધ્ધનયનો વિષય પણ એકલો શુધ્ધાત્મા છે. બીજો કોઇ વિષય નથી. હવે જે સમયે શુધ્ધનયથી શુધ્ધાત્મા જાણવામાં આવ્યો તે સમયે જાણેલાની પ્રતીતિ થાય, થાય ને થાય જ. તેને શુધ્ધનય દ્વારા શુધ્ધાત્મા જાણ્યો અને પ્રતીતમાં આવ્યો. હવે એ જ સમયે, સમય એક છે. સમય એક. બે સમય ન લેવા. એ એક જ સમયે જ્ઞાયકનું અવલંબન લેતાં જે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું તે જ વખતે, તે જ સમયે અતીન્દ્રિય આનંદની અવસ્થા પ્રગટ થાય છે. જેમ સમ્યગ્દર્શન પ્રગટ થયું, સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું તેમ આનંદની દશા પણ પ્રગટ થાય, થાય ને થાય જ. આનંદની દશા પ્રગટ નથી થઇ તો સમ્યગ્દર્શન થયું જ નથી.

હવે એ આનંદની દશા પણ પ્રગટ થાય છે તે પર્યાયને જાણનારું જ્ઞાન પણ પ્રગટ થાય છે. દ્રવ્યને જાણનારું જ્ઞાન જેમ પ્રગટ થયું તે જ સમયે આનંદને જાણનારું અભેદને જાણનારું જ્ઞાન પ્રગટ થાય તે વખતે ભેદને જાણનારું જ્ઞાન એક જ સમયમાં પ્રગટ થાય. અભેદને જાણે તેને નિશ્ચય કહેવાય, ભેદને જાણે તેને વ્યવહાર કહેવાય અને ભેદાભેદને જાણે તેને પ્રમાણજ્ઞાન કહેવાય. સમય એક, જ્ઞાનની પર્યાય એક. એ અભેદને પણ જાણે છે અને ભેદને પણ જાણે અને ભેદાભેદને પણ જાણે એટલે ધ્યેયપૂર્વક જ્ઞેય થાય, થાય ને થાય જ. જયાં પર્યાયથી રહિત એવું શ્રધ્ધાન ને જ્ઞાન થયું તે જ સમયે પર્યાયથી સહિત

એવું જ્ઞાન પણ થાય છે. પર્યાયથી રહિત જ્ઞાનને નિશ્ચય કહેવાય. તે આનંદની પર્યાયથી સહિત જ્ઞાન થયું, ઉત્પાદ-વ્યયથી સહિત થયું તેને વ્યવહાર કહેવાય.

જેમ કેવળી પરમાત્મા એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવને ત્રણને જાણે છે. એમ શ્રુતજ્ઞાની અનુભવના કાળમાં ધ્રુવને તો આશ્રયભૂત જાણે છે પણ તે સમયે પ્રગટ થયેલી અવસ્થાને પણ એ જ્ઞાન જાણે છે એટલે સમ્યક એકાંતપૂર્વક અનેકાંત થઈ જાય છે. એટલે દૃષ્ટિનો પણ દોષ લાગતો નથી અને જ્ઞાનનો પણ દ્રોહ થતો નથી. એક સમય માત્રમાં આ ભજે છે. તે સમયમાત્રમાં જે ભજે, આહા! એ કોઈ અપૂર્વ ચીજ હોય. ત્યાં તેને જ્ઞાન પણ થયું અને શ્રધ્ધાન પણ થયું અને નિર્વિકલ્પ પ્રમાણ પણ થયું. નિર્વિકલ્પ નિશ્ચયનય અને નિર્વિકલ્પ પ્રમાણ એક સમયમાં થાય છે.

એવી એક સ્થિતિ કેમ થાય કે પ્રથમ શ્રધ્ધાનો વિષય તેને હાથમાં હોવો જોઈએ. બીજું જેમ શ્રધ્ધાનો વિષય નિર્વિકલ્પ છે એટલે નિર્વિકલ્પ એટલે અભેદ તેમાં ગુણભેદ દેખાતો નથી. પર્યાય તો તેમાં છે જ નહીં. ગુણો છે પણ ગુણભેદ દેખાતો નથી. એ દૃષ્ટિનો વિષય જે છે એ દૃષ્ટિનો વિષય તો નિર્વિકલ્પ છે પણ શ્રધ્ધાની પર્યાય પોતે નિર્વિકલ્પ છે. શ્રધ્ધાની પર્યાયમાં સ્યાદ્વાદ નથી. અને જ્ઞાનમાં સ્યાદ્વાદ અનુભવના કાળમાં પ્રગટ થાય, થાય ને થાય જ. જો સ્યાદ્વાદ પ્રગટ ન થાય તો તે અન્યમતિ છે. સ્વમતિ નથી. પણ આ બધું નિર્વિકલ્પ ધ્યાનના કાળમાં આહા! આવી નિધિ ને રિધ્ધિ બધી નિર્વિકલ્પ ધ્યાનમાં પ્રગટ થાય છે.

એ નિર્વિકલ્પ ધ્યાનનો વિષય નિર્વિકલ્પ છે. અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ. અને શ્રધ્ધાનો વિષય શ્રધ્ધાને મળે છે, આ રુચિનો વિષય રુચિને મળે છે, પ્રતીતિનો વિષય પ્રતીતિને મળે છે ત્યારે શ્રધ્ધા એટલી બળવાન છે કે ઉપયોગ અભિમુખ થઈ જાય છે. જેટલી શ્રધ્ધા બળવાન છે એટલું જ્ઞાન બળવાન નથી. કેમકે શ્રધ્ધા નિર્વિકલ્પ છે અને જ્ઞાન સવિકલ્પ છે. શ્રધ્ધા એકને વિષય કરે છે અને જ્ઞાન ત્રણને વિષય કરે છે, અભેદને, ભેદને અને ભેદાભેદને. એટલે જેટલી શ્રધ્ધા બળવાન છે એટલું જ્ઞાન બળવાન નથી. એ જ્ઞાનમાં કથંચિતપણું છે પણ શ્રધ્ધામાં કથંચિતપણું નથી.

એક વખતનો બનાવ છે. સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રી બિરાજમાન હતા ત્યારે રાત્રી ચર્ચામાં પૂજ્ય ગુરુદેવે એક પ્રશ્ન ઉઠાવ્યો કે આ ભગવાનઆત્મા છે તેમાં નવ તત્ત્વનો અત્યંત અભાવ છે એમ કયાંક જાણવામાં વાંચવામાં આવ્યું છે પણ કયાં છે એ યાદ આવતું નથી. એમ શિષ્યોની પરીક્ષા કરવા માટે આટલી વાત મૂકી. કોઈએ જવાબ આપ્યો નહીં. એ વખતે બાબુભાઈ ઝવેરી ત્યાં બેઠા હતા. બીજે દિવસે મુંબઈ આવ્યા. હું એ વખતે મુંબઈ હતો. રાત્રે મારે ઘરે આવ્યા અને કહ્યું કે, ભાઈ! ગુરુદેવને વિકલ્પ ઉઠયો છે. (મેં પૂછયું) શું વિકલ્પ ઉઠયો છે ભાઈ? ગુરુદેવે એમ કહ્યું, આહા! કે આ દૃષ્ટિનો વિષય ભગવાનઆત્મા છે તેમાં નવ તત્ત્વનો અત્યંત અભાવ છે, કથંચિત અભાવ નહીં. આહા! આ જે

ભેળસેળ કરે છે ને શ્રદ્ધા અને જ્ઞાનને એટલે બરાબર સમજી શકાતું નથી. ગોટાળો થઈ જાય છે, અટપટું લાગે છે. ત્યારે મને કહે કે એ તો ગુરુદેવને આ પ્રકારે વિકલ્પ ઉઠયો છે. મેં કીધું ભાઈ! કાઢો, સમયસાર ૩૮ ગાથા વાંચો. તેમાં અત્યંત અભાવ નવ તત્ત્વનો લખ્યો છે. તેમણે વાંચ્યું. ટેલીફોન ઉપાડયો. (મેં કહ્યું) કયાં ટેલીફોન કરવો છે, ભાઈ! તો કહે કે સોનગઢ ટેલીફોન કરવો છે. કે આ ૩૮ ગાથામાં લખેલું છે.

અરે! ભાઈ! તમે ગુરુદેવને સમજી શકતા નથી. ગુરુદેવ તો એક એક ગાથા અને એકો એક ભાવ તેના ભાવમાં ખોડાઈ ગયેલાં હોય છે. એ તો શિષ્યોની પરીક્ષા કરવા માટે જ્ઞાની કોઈ વખતે એવી વાણીનો પ્રયોગ કરે. આહા! અત્યંત અને કથંચિતમાં મોટો ફેર છે. (શ્રોતાઃ- સોનાનો ભાવ પૂછે.) સોનાનો ભાવ પૂછે. શું સોનાનો ભાવ છે? સાંજે બધા બેઠા હતા. હળવી ચર્ચા થાય. જમીને આવ્યા હોય. પોતે બેઠા હોય ઓસરીમાં. હળવું વાતાવરણ હોય બધું. તો (પૂછે) સોનાનો શું ભાવ હશે? તો એક ભાઈએ કીધું કે સોનાનો ૧૦૫ ભાવ છે. અરે! ભાઈ! મારે એ ભાવનું કયાં કામ છે? અમે સોનાનો ભાવ પૂછીએ એટલે સોનાનો ભાવ પીળો અને ચીકણો હોય. તેનો ૧૦૫ ભાવ ન હોય. આહા! આ જિનાગમનું રહસ્ય તેનો ઉકેલ આવવો કઠીન તો છે, દુર્લભ તો છે પણ અશકય નથી.

એ જયાં સર્વથા અને અત્યંતની વાત આવે છે ત્યાં જીવો ચમકી ઊઠે છે. આહા! જયાં તેના હિતની વાત આવી, અત્યંત અને સર્વથા અમૃત જેવું વચન, ત્યાં તેને એકાંતની ગંધ લાગે છે. 'હી' હી માં એકાંતની ગંધ લાગે છે અને 'ભી'માં તેને ઠીક લાગે છે. કથંચિત શુદ્ધ અને કથંચિત અશુદ્ધ. આહાહા! કે ભાઈ! એ પ્રમાણની અપેક્ષાએ પરસ્પર સાપેક્ષ સ્યાદ્વાદ કથંચિત જ્ઞાનની અવસ્થામાં સવિકલ્પ જ્ઞાનમાં છે. શ્રદ્ધાની પર્યાય તેને કબુલ કરતી નથી. એ તો અત્યંત અભાવ જ છે. સ્વભાવમાં ચારભાવનો અત્યંત અભાવ છે. ક્ષાયિકભાવના સ્થાનો ભગવાનઆત્મામાં નથી, તો રાગ ઔદયિકભાવના સ્થાનો આત્મામાં કયાંથી હોય.

એ અત્યંત અભાવની જયાં વાત આવે છે ત્યાં જીવોને એમ લાગે કે આ તો જાણે એકાંત છે, એકાંત છે. રાડો પાડે, ગુરુદેવ કહેતા હતા. આ ગુરુદેવના શબ્દો છે. એકાંત છે, એકાંત છે. એમ જગતના જીવો આત્માના અજાણ છે. આત્માના તો અજાણ છે પણ તેને સાચી વાણી પણ કાન ઉપર પડતી નથી. એવા જીવો, આહા! એકાંત, એકાંત! બાપુ! નિશ્ચયની વાત એટલે સત્ય છે. આ ગુરુદેવના શબ્દો. નિશ્ચયની વાત એટલે? સત્ય છે.

આ શ્રદ્ધાની પર્યાયમાં અત્યંત અભાવ છે. તે સમયે જ્ઞાન પ્રગટ થાય છે. કથંચિત ભિન્ન-અભિન્નને જાણે છે. શું કહ્યું? જે સમયે શ્રદ્ધામાં બળ આવ્યું કે પરિણામને કરતો નથી અને પરિણામને જાણતો પણ નથી. એમ શ્રદ્ધાનું બળ આવતાં અભિમુખ પર્યાય થાય છે આત્મામાં અને અનુભવ થાય છે. ત્યારે

જ્ઞાન પ્રગટ થયેલું, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામનો કથંચિત કર્તા અને અકર્તા એવું જ્ઞાન એક સમયમાં થાય છે. પક્ષ નથી. કર્તા-અકર્તાનો પક્ષ છૂટી જાય છે. આહા!

આત્મા કર્તા છે કે કર્તા નથી? એમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે, પણ તત્ત્વવેદી એટલે કે આત્માનો અનુભવી તો એમ જાણે છે કે ચિત્સ્વરૂપ જીવ તો ચિત્સ્વરૂપ છે તેને કોઈપણ પ્રકારનો દોષ લાગતો નથી. પણ શ્રદ્ધા અને જ્ઞાનની પર્યાયના વિષયોમાં અને ઉપાદેય વિષયમાં અને જાણવાના વિષયમાં, અહીંયા ઉપાદેયનું કથન છે કે અહીંયા જાણવાની વિવિક્ષાનું કથન છે, એ બેના વિભાગો પાડે તો સમજી શકાય એવું છે. નહીંતર મુંઝવણ થાય મુંઝવણ અંદર-અંદર. (ગુરુદેવ) કહીને ગયા છે. આહાહા! પાછળથી અમારા શિષ્યો મુંઝાય નહીં એટલે બધા ખુલાસા કરતા ગયા છે અને રાજકોટે ગુજરાતીમાં 'જ્ઞાનગોષ્ઠી' બહાર પાડયું તેમાં ખુલાસો છે. એની બીજી આવૃત્તિ-ડિમાન્ડ ઘણી છે એટલે બીજી આવૃત્તિ પણ બહાર પડે, થોડા વખતમાં પડે છે. જેમાં લગભગ સાડા છસ્સો પ્રશ્નોના ઉત્તરો છે. પહેલાં જયપુરથી હિન્દીમાં આ બહાર પડી ચૂક્યુ હતું, પછી રાજકોટ સંઘને વિચાર આવ્યો કે આપણે ગુજરાતીમાં બહાર પાડીએ. એમાં શાંતિભાઈ પટેલ મૂકસેવક કાર્યકર્તા એના. આહા! એમણે કહ્યું કે આપણે હિન્દીમાંથી ગુજરાતી કરાવવાની જરૂર નથી. ત્યારે શું કરશું શાંતિભાઈ! આ બેય શાંતિભાઈ! એક આ શાંતિભાઈ અને એક એ શાંતિભાઈ! કે એ આત્મધર્મમાં બધું છે. આત્મધર્મની આખી ફાઈલો તૈયાર કરી અને શાંતિભાઈને આપી. લ્યો! તૈયાર છે. એ પ્રકારે છપાણું પહેલું. પછી બીજી એડીસન (પ્રત) છપાય છે. બધા જ ખુલાસા કરી ગયા છે ગુરુદેવ. આહા! રાગ જીવકૃત છે...

મુમુક્ષુ :- છપાયને બે દિવસ પહેલાં આવી ગઈ છે.

ઉત્તર :- આવી ગઈ છે?

મુમુક્ષુ :- કાલે બહાર પણ પાડવામાં આવેલ છે.

ઉત્તર :- આવેલ છે. કાલે એક મુમુક્ષુ મારે ઘેર આવ્યા હતા મેં કહ્યું કે હજી આવૃત્તિ બહાર પડી નથી એટલે મારી લઈ જાવ. મારી પાસે પણ એક પુસ્તક હતું એ મેં આપી દીધું. હવે બહાર પડી ગઈ સારું થયું.

મુમુક્ષુ :- એ અને એક જ્ઞાયક ભાવ બન્ને વેચાણમાં આવી ગયા.

ઉત્તર :- અત્યારે વેંચાણમાં છે. આહા! જ્ઞાનગોષ્ઠી-સાડા છસ્સો પ્રશ્ન (અને) તેના ઉત્તરો માર્મિક બધા આધ્યાત્મિક હો! આહા! પ્રયોજનભૂત પ્રશ્નોના ઉત્તર એમાં લખેલાં છે.

રાગ જીવકૃત છે કે રાગ પર્યાયકૃત છે કે રાગ કર્મકૃત છે એ બધા ખુલાસા એમાં છે. આહાહા! ઘણા ખુલાસા એમાં (છે.) એમ પ્રશ્ન ઉઠાવ્યો કે જ્ઞાની થયા પછી એ પુદ્‌ગલના પરિણામ કહેવાય પણ અજ્ઞાની હોય ત્યાં સુધી તેને પુદ્‌ગલના પરિણામ એમ વિચારવું કે વિચારમાં દોષ લાગે કે શું? તો કહે

જેને જ્ઞાની થવું હોય તેણે એ પુદ્‌ગલના જ પરિણામ છે એમ વિચારવું એમાં કાંઈ દોષ નથી. આહાહા! બધા ઘણા ખુલાસા છે. આ તો એક તમને મૂળ વાતનો નમુનો આપ્યો. કેમકે રાગનું કરવું અહીંયા (ગળે વળગ્યું) છે જીવને. આહાહા! કાં રાગને કરવામાં રોકાય અને કાં રાગને જાણવામાં રોકાય. બે દોષ છે.

એક વખતનો પ્રસંગ છે. આ વાત એટલા માટે કરું છું કે તાત્ત્વિક વાત છે. બીજાના વખાણ કરવા માટે આ વાત નથી. મોરબી ઈન્દુભાઈને ત્યાં અમે ગયા હતા. એમાં એક કયા ગામના પટેલ? રાજપર. રાજપર. રાજપરના પટેલીયાઓ પહેલાં વેદાંતમાં માનતા હતા અને પછી આપણા એક મુમુક્ષુ તેની બદલી ત્યાં થઈ. રાતના બે વાગ્યા સુધી ચર્ચા કરતાં. બેમાંથી કોઈ નમે નહીં. છેવટે જૈનદર્શન જીત્યું. અને તેમણે (પટેલીયાઓએ) હથિયાર હેઠા મુકી દીધા. અને જૈન થઈ ગયા ભાઈ, પટેલીયાઓ. જૈન હો! છે પાછા અભ્યાસી. એ અમે મોરબી ગયા ત્યારે એ ચર્ચામાં આવ્યા.

ભાઈ! રાગથી આત્મા ભિન્ન છે તેથી રાગનો આત્મા કર્તા નથી. પણ રાગનો જાણનાર છે. અહીંયા સુધી આવ્યા પણ અનુભવ થતો નથી. એમ તેમણે મુંઝવણનો પ્રશ્ન રજુ કર્યો. કે રાગને જાણવામાં જે જીવ રોકાય છે તેને આત્માનો અનુભવ થતો નથી. કેમકે જાણવાનો વિષય તો જ્ઞાયક છે. એને જાણવાનું ભૂલીને રાગને જાણવામાં રોકાવું એ પણ એક અજ્ઞાનનો અંશ છે. આહાહા! પછી પોતે બોલ્યા કે આ તો હું પાણીમાં ડાંગ મારતો, ડાંગ એટલે લાઠી (લાકડી). પાણી હોયને તેમાં લાઠી મારતા હતા પણ બે ભાગ નહોતા થતા. કયાંથી થાય. આહા!

રાગને જાણવામાં રોકાય, પણ જાણવું છે ને આત્માનો સ્વભાવ! જ્ઞાન કોનું છે? રાગનું છે કે આત્માનું? એ શું વળી? રાગને જાણવું તેમાં દોષ શું? અરે! ભાઈ! જ્ઞાન રાગનું નથી. જ્ઞાન તો આત્માનું છે. 'જે જેનું હોય તે તે જ હોય' આત્માનું જ્ઞાન હોવાથી 'જ્ઞાન તે આત્મા જ છે' લક્ષ છોડી દે રાગનું અને જ્ઞાયકનું લક્ષ કર તો અનુભવ થાય. એમ આ રોકાવાના બે પ્રકાર. એક રાગનું કરવું અને એક રાગનું જાણવું. આહાહા! રાગને જાણવું એ તો વ્યવહાર કહ્યો છે ને. પણ નિશ્ચય વિના વ્યવહાર હોય નહીં. અજ્ઞાન છે તારું લે. કરવાના બહાના નીચે પણ અજ્ઞાન અને જાણવાના બહાના નીચે પણ અજ્ઞાન ઊભું કર્યું. આવા ગુરુ મળ્યા પછી પણ.

એ અપૂર્વ વાત ૧૧મી ગાથામાં વ્યવહાર સઘળોય અભૂતાર્થ છે. આહાહા! તેનો આશ્રય કરવા જેવો નથી. કાલ બાબુજીએ કહ્યું હતું કે વ્યવહારનો વિશ્વાસ કરવા જેવો નથી, શ્રધ્ધાનો વિષય નથી. આહા! પણ જ્ઞાનનો વિષય તો છે ને? પણ કયારે જ્ઞાનનો વિષય થાય? શ્રધ્ધાનો વિષય શ્રધ્ધામાં આવે, શુધ્ધનયથી આત્મા જણાય ત્યારે એ વ્યવહારજ્ઞાન ઊભું થાય અને વ્યવહારજ્ઞાન તેને જાણે તોપણ ભેદમાં આત્મબુધ્ધિ ન થાય. કેમકે અભેદમાં આત્મબુધ્ધિ થયા પછી ભેદને જ્ઞાની જાણે પણ ભેદમાં આત્મબુધ્ધિ થતી નથી. આત્મબુધ્ધિ એક જગ્યાએ હોય બે જગ્યાએ ન હોય.

પાણીનું દ્દષ્ટાંત હતું. **એવી રીતે પ્રબળ કર્મના મળવાથી,** કર્મ એટલે રાગ, કર્મ એટલે ભાવકર્મ. એના મળવાથી **જેનો,** જેનો એટલે આત્માનો **સહજ,** સ્વાભાવિક, અકૃત્રિમ **એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે.** આહા! દૃષ્ટિ રાગ ઉપર પડી છે એટલે રાગથી ભિન્ન ભગવાનઆત્મા પ્રગટ, વિદ્યમાન, છતો હોવા છતાં પણ તેની નજરમાં આવતો નથી. આહા! રાગનો પ્રેમી બની ગયો છે. એટલે તેને ભગવાનઆત્મા તે જ સમયે રાગથી ભિન્ન વિદ્યમાન જ્ઞાયક તત્ત્વ બિરાજમાન છે.

એ અશુદ્ધ અંશ પર્યાયમાં છે તે જ વખતે શુદ્ધાત્મા તેનાથી ભિન્ન બેય પ્રગટ છે. એક પ્રગટ અને એક અપ્રગટ હોય તો ભેદજ્ઞાન ન થાય. બેય અંશ પ્રગટ છે. જ્ઞાયકતત્ત્વ પણ પ્રગટ છે અને રાગ પણ વર્તમાનમાં પ્રગટ થાય છે. એક પ્રગટ છે અને એક પ્રગટ થાય છે. એ બેય અંશ છે વર્તમાનમાં પણ તેની નજર રાગ ઉપર છે તેથી ભગવાનઆત્મા તેની દૃષ્ટિમાં આવતો નથી. હોવા છતાં દેખાતો નથી, દેખાય છતાં પણ તેને દેખતો નથી, જણાય છે પણ તેને જાણતો નથી. આહા! તેથી એ વ્યકત અપેક્ષાએ-વ્યકિત અપેક્ષાએ એમ કહેવાય કે તેણે રાગ ઉપર પ્રેમ કર્યો છે તેથી તેને સહજ, એક જ્ઞાયકભાવ તેની દૃષ્ટિમાં આવતો નથી માટે તેની અપેક્ષાએ તિરોભૂત થયો કહેવામાં આવે છે. પણ શબ્દ તિરોભૂત છે. અભાવ થયો નથી. અજ્ઞાનીને પણ ભગવાનઆત્મા જે રાગના પુણ્ય ને પુણ્યના ફળના પ્રેમમાં પડેલો આત્મા એ ભગવાનઆત્મા હોવા છતાં પણ તેની નજરમાં આવતો નથી. નજરમાં નથી આવતો છતાં પણ અભાવ થતો નથી, તિરોભૂત થાય છે. આહાહા!

સૂર્યનો ઉદય થાય એ સૂર્યના પ્રકાશમાં પૃથ્વી આદિ જણાય તો એ પ્રકાશ કિરણ દ્વારા જે પૃથ્વી આદિને જાણે છે તેની દૃષ્ટિમાં સૂર્ય તિરોભૂત થઈ ગયો છે. સૂર્ય હોવા છતાં દેખાતો નથી. કેમકે સૂર્યના પ્રકાશના માધ્યમથી અંદરમાં સૂર્ય પ્રસિદ્ધ કરવો જોઈએ તેને બદલે મને પૃથ્વી જણાય છે, એમ અજ્ઞાની પ્રાણી જ્ઞેયલુબ્ધ થઈ ગયો છે અને રાગ ઉપર દૃષ્ટિ પડી છે, એટલે ભગવાનઆત્મા મોજુદ પરમાત્મા હોવા છતાં તેની નજરમાં પરમાત્મા આવતો નથી. તેથી વ્યકિતગત અપેક્ષાએ તિરોભૂત થયો કહેવામાં આવે છે. અભાવ તો થયો નથી.

**એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર,** જેને આત્મા હોવા છતાં દેખાતો નથી અને રાગાદિ દેખાય છે. **એવા પુરુષો-આત્મા અને કર્મનો,** આત્મા અને અનાત્માનો, જ્ઞાયકભાવનો અને ભાવકભાવનો, શું કહ્યું? આ રાગ છે તે જ્ઞાયકનો ભાવ નથી, તે ભાવકનો ભાવ છે. ભાવક એવું દ્રવ્ય કર્મ છે. એ દ્રવ્યકર્મના ઉદયમાં જોડાતા જે રાગાદિભાવ થાય છે તે જ્ઞાયકનો ભાવ નથી પણ એ ભાવકનો ભાવ છે. પણ ભાવકના ભાવને જ્ઞાયકનો, આત્માનો ભાવ માને છે એ તો તેનું અજ્ઞાન છે. માને છતાં તે જ્ઞાયકનો ભાવ થતો નથી. થાય તો આત્મા જડ થઈ જાય.

કહે છે કે, **આત્મા અને કર્મનો વિવેક** એટલે જુદાઈ **નહિ કરનારા વ્યવહારથી વિમોહિત,**

આહા! પર્યાયને જુએ છે તેમાં વિમોહિત થઇ ગયો. પર્યાયને આત્મા માને છે, એ રાગને આત્મા માને છે, ભાવકના ભાવને આત્મા માને છે. જ્ઞાયકને આત્મા માનતો નથી. એની દૃષ્ટિમાં આવતો નથી અને જ્ઞાની કહે છે તેનું ધ્યાન દઈને સાંભળતો પણ નથી. કે સંસારી હોય ત્યાં સુધી તો રાગ આત્મામાં જ થાય ને? આહાહા!

જ્ઞાની કહે છે કે આત્મામાં થાય છે રાગ. તે આત્માને જોયો છે? કહે ના સાહેબ! મેં જોયો નથી. જોયો નથી તો શેનો તું કહે છે કે આત્મામાં થાય. તો એક વખત આત્માને જોને રાગથી ભિન્ન! અને પછી મને કહે. પછી તો કહેવા આવીશ નહીં. પછી તો તેને ભાવકનો ભાવ લાગશે, જીવનો ભાવ નહીં લાગે. આહા! જ્ઞાની કહે. અજ્ઞાની કહે રાગ તો આત્મામાં થાય ને? મને એમ લાગે છે કે મારામાં રાગ (થાય છે.) તારામાં જ્ઞાન થાય છે કે રાગ થાય છે? એ શું? અજ્ઞાનીને વળી જ્ઞાન થતું હોય? અજ્ઞાનીને પણ ઉપયોગલક્ષણ છે. જ્ઞાન સમયે સમયે થાય છે. જ્ઞાન ન થાય તો જડ હોવો જોઈએ. અને રાગ ન થતો હોય તો વર્તમાનમાં સિધ્ધ હોવો જોઈએ. રાગ ન થતો હોય તો સિધ્ધ પરમાત્મા હોવો જોઈએ. અને જ્ઞાન પ્રગટ ન થતું હોય તો તો જડ થઈ જાય આત્મા. માટે જ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાનમાં આત્મા તને જણાય છે. બાળ-ગોપાળ સહુને, જા. કે રાગ તો આત્મામાં થાય છે. આત્માને તેં જોયો છે? તો કહે ના સાહેબ જોયો નથી. તો આત્મામાં થાય છે એ કયાંથી લાવ્યો તું? આત્મામાં જોઈને પછી કહે કે રાગ આત્મામાં થાય તો તો બરાબર છે. પણ જયાં આત્માને જોવા જાય છે, જુએ છે ત્યાં તેને મિથ્યાજ્ઞાન નાશ થાય છે. પ્રભુ! હું તો જ્ઞાયક જાણનાર, જાણનાર, જાણનાર છું. એમ એને ભાસે છે.

તો કહે છે કે **વિવેક નહીં કરનારા,** આત્મા ને અનાત્માની જુદાઈ નહીં જાણનારા એવા **વ્યવહારથી વિમોહિત,** આહા! જે વ્યવહારનયનો વિષય છે તેને શ્રધ્ધાનો વિષય બનાવ્યો. પણ વ્યવહારનયના વિષયને જ્ઞાનનો વિષય બનાવીએ તો શું વાંધો? કે એકનું એક છે એમાં કાંઈ વાતમાં માલ નથી. વ્યવહારનયના વિષયને જ્ઞાનનો વિષય બનાવવો છે તારે? કે નિશ્ચયનયના વિષયને ધ્રુવને જ્ઞાનનો વિષય બનાવવો છે. જ્ઞાનનો વિષય તો છે ને? વ્યવહાર જાણવાલાયક તો છે ને? અરે! કેને જાણવાલાયક છે? આત્માને જાણ્યા પછી ૧૧મી ગાથા પછી ૧૨મી ગાથા લખી છે. પહેલી ૧૨મી ગાથા અને પછી ૧૧મી ગાથા એમ નથી. જીવે ક્રમભંગ કર્યો છે. અનાદિથી એ ક્રમભંગમાં આવ્યો છે, અનુક્રમમાં આવતો નથી. ૧૧૪ ગાથા પ્રવચનસારની છે. તેમાં એક અનુક્રમ શબ્દ છે. મોસ્ટ ઈમ્પોર્ટન્ટ.

કે પહેલાં તું સામાન્યને જાણ અને વિશેષને જાણવાની આંખ બંધ કરી દે તો સામાન્ય જણાશે. એ અનુક્રમ છે, અને પછી-અનુભવ થયા પછી પરિણામને જ્ઞાન જાણે છે તેનો નિષેધ નથી. એ પણ થોડો વખત. અંદરમાં જાય એટલે પરિણામને જાણવાનું પાછું બંધ થઈ જાય છે. આહાહા! એ કોઈ અપૂર્વ ચીજ સંતોની હોય છે. કહે છે કે વ્યવહારમાં વિમોહિત થઈ ગયેલા આત્માઓ, રાગને જ આત્મા

માનનારાઓ, આહાહા! શાસ્ત્રમાં તો પાઠ છે કે નપુંસક છે એ. તેને પ્રજા જન્મતી નથી. સમ્યગ્દર્શનનો જન્મ થતો નથી.

ગુરુદેવ કહેતા હતા, આ વીરાનું કામ છે. વીરા ને ધીરાનું, આહા! નપુંસકનું કામ નથી. કેમકે વ્યવહારનો નિષેધ કરવાની શકિત એની બિડાઈ ગઈ છે. હાય હાય! વ્યવહારનો નિષેધ કરશું તો એકાંત થઈ જશે ને નિશ્ચયાભાસી થઈ જશે. આહાહા! ભાઈ આત્મા હાથમાં આવશે. વ્યવહારનો નિષેધ કરનાર નિશ્ચયનય છે. અધ્ધરથી વ્યવહારનો નિષેધ થઈ શકતો નથી. સ્વઆશ્રિત નિશ્ચયનય વડે વ્યવહારનો નિષેધ કરવાનું ફરમાન છે.

**વ્યવહારથી વિમોહિત,** પર્યાયને જ આત્મા માનનારા, દેહને જ આત્મા માનનારા **વિમોહિત હૃદયવાળાઓ તો, તેને એટલે આત્માને, જેમાં,** જેમાં એટલે પર્યાયમાં, જેમાં એટલે પર્યાયમાં, આત્મામાં નહીં. આત્મામાં અનેકપણું ન હોય, આત્મા એક હોય. વાતે વાતે મોટો ફેર છે. વ્યવહારના વચનને નિશ્ચય માની બેઠો, આત્મામાં અનેકપણું પ્રગટ થાય છે. આત્મામાં નહીં પણ પર્યાયમાં અનેકપણું પ્રગટ થાય છે. આત્મા તો અનાદિ-અનંત એકરૂપ રહેલો છે.

**જેમાં,** આત્માને જેમાં **ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું ) પ્રગટ છે.** આહા! એક અંદરનું વિશ્વ અને એક બહારનું વિશ્વ. બહારનું વિશ્વ એ લોકાલોક એ બહારનું વિશ્વ છે. બહારના વિશ્વને તો આત્મા જાણતો જ નથી. કેમકે તેની પાસે ત્રીજી આંખ નથી. આવી વાત! આહાહા! અરે! સૂર્યકીર્તિ ભાવિ તીર્થંકર નહીં પણ વર્તમાન તીર્થંકર હતા. આહાહા! આ પુરુષ કહી ગયો છે. યુગલજીએ સારી વાત કરી. બાબુજીએ. આહાહા!

કહે છે વિશ્વ બે પ્રકારના. એક બહારનું વિશ્વ અને એક અંદરનું વિશ્વ. કાં બહારના વિશ્વને જાણવાની રુચિ-ઈચ્છા, અને કાં અંદરનાને જાણવાની ને કરવાની રુચિ, વિશ્વને એટલે અનેકપણું, અનેકપણું પર્યાયમાં, પર્યાયને કરવાની રુચિ અને પર્યાયને જાણવાની રુચિ તેને વિષય અને કષાય કહે છે. જયાં સુધી વિષય કષાય જીતાતો નથી ત્યાં સુધી અનુભવ થતો નથી.

卐